# ‘જીવન્ત’ માનવીનો પરાજય નામુમકીન

–ડૉ. મહેબુબ દેસાઈ

ભારતી શર્મા સાથે આમ તો મારો કોઈ ખાસ પરીચય નહીં; પણ તેમના પતી સંજય શર્મા પીએચડીના મારા વીદ્યાર્થી હતા. એ નાતે વર્ષો પહેલાં તેમણે મને તેમના ધંધુકાના ઘરે જમવા નોતર્યો હતો. એ સમયે ઉજળો વાન, ઘાટીલો દેહ, બોલકણી આંખો, હોઠો પર સ્મીત ધરાવતી પચ્ચીસેક વરસની યુવતી સાથે મારો પરીચય કરાવતા સંજયે કહ્યું હતું, ‘સર, આ મારી પત્ની ભારતી છે.’

અને તે દીવસે ભારતીએ મને પોતે બીનગુજરાતી હોવા છતાં પોતાના હાથે બનાવેલી સ્વાદીષ્ટ ગુજરાતી વાનગીઓ ભાવપુર્વક જમાડી હતી. બસ, ભારતી સાથેની એ મારી પ્રથમ મુલાકાત. એ પછી સંજય મને પીએચડીના કાર્ય અંગે મળતો. જ્યારે ભારતી મને ફોન પર મળી લેતી. એ વાતને દસેક વર્ષ વીતી ગયાં. છતાં ભારતીનો ઘાટીલો દેહ, નમણો ચહેરો, બોલકણી આંખો અને મધુર સ્મીત મારી સ્મૃતીમાં અકબંધ જળવાઈ રહ્યાં હતાં. દસેક વર્ષના અંતરાલ પછી અચાનક એક દીવસ ભારતીનો ફોન આવ્યો. એ જ મધુર સ્વરમાં તે બોલી ઉઠી ‘સર, મૈં ભારતી બોલ રહી હું. મુઝે ભુલ તો નહીં ગયે ?’

‘તુઝે કૈસે ભુલ સકતા હું ? તેરા સ્વાદીષ્ટ ખાના અભી તક મુઝે યાદ હૈ.’

‘સર, આપકો મેરી સ્કુલ કે વાર્ષીક ઉત્સવમેં આના પડેગા.’

ઘણાં વર્ષો પછી ભારતીનો અવાજ સાંભળી મને આનંદ થયો. છતાં સમયની સમસ્યાને કારણે મેં તેને ના પાડી. પણ એમ માની જાય તો ભારતી નહીં. અત્યન્ત પ્રેમભર્યા સ્વરે આગ્રહ કરતાં તે બોલી ઉઠી, ‘આપ જબ કહેંગે તબ રખેંગે. પર આપકો હી આના હોગા.’

અન્તે મારી અનુકુળતા મુજબની એક તારીખ અમે નક્કી કરી. છેલ્લાં દસેક વર્ષમાં ભારતીએ ‘ફીલ્ડ વ્યુ એકેડેમી’ નામક એક નાનકડી સ્કુલ શરુ કરી હતી. ધન્ધુકાથી બેએક કીલોમીટરના અન્તરે અડવાળ રોડ પર એક નાનકડું મકાન સંજયે બનાવી આપ્યું હતું. તેમાં ભારતી શાળા

ચલાવતી હતી. એ દીવસે હું એની શાળાએ પહોંચ્યો ત્યારે ભારતી દરવાજા પર મારી રાહમાં ઉભી હતી. મને જોઈ એ મારી કાર પાસે દોડી આવી.. હું તેને જોઈ નવાઈ પામ્યો. ઘાટીલા દેહને બદલે ભારતીની સ્થુળ કાયા મારી આંખોને ખુંચવા લાગી. ચહેરાની નમણાશ પર ચરબીના થર જામી ગયા હતા. ચમકતી બોલકણી આંખો નીસ્તેજ હતી અને બન્ને આંખો કાળાં કુંડાળાંઓથી ઘેરાઈ ગઈ હતી. અલબત્ત, એના સ્મીતમાં એ જ મીઠાશ હતી. તેના આવકારમાં એ જ પ્રેમ હતો. મેં કારમાંથી બહાર નીકળી તેને પ્રથમ જ કહ્યું, 'ભારતી યે ક્યા હો ગયા આપકો ? કહાં દસ સાલ પહેલેકી ભારતી ઔર કહાં આજકી ભારતી ?'

મારા પ્રશ્નને સાંભળી ભારતી થોડી ખંચકાઈ. પછી બોલી, 'સર, વક્ત વક્તકા કામ કરતા હી હૈ !'

અને અમે બન્ને તેની ઑફીસમાં પ્રવેશ્યાં. ઑફીસમાં બેસી તેણે મને પોતાની નાનકડી સ્કુલ વીશે ઉત્સાહથી માહીતી આપી. ધન્ધુકા ગામની આસપાસનાં ગામો ધોલેરા, પીપળી, પોલારપુર, ભીમનાથ, કસકા, ઝીંઝર, અડવાળ, જાળીયા, ફેદરા, રાણપુર, નાગનેશ જેવાં ગામોમાંથી એકથી નવમા ધોરણના વીદ્યાર્થીઓ તેની શાળામાં આવે છે. બાળકો માટે ગામડે ગામડે ફરી તેમના વાલીઓને સમજાવવા અને એ પછી ગ્રામ્ય સંસ્કૃતીમાંથી આવતાં બાળકોનું અંગ્રેજી માધ્યમ દ્વારા ઘડતર કરવાનું કાર્ય કપરું છે. છતાં ભારતી એકલે હાથે તે કરતી, એંગ્રેજી માધ્યમની તે શાળા હોવા છતાં ભારતીય સંસ્કૃતી અને સભ્યતાના પાઠો બાળકોને ભણાવવાની નેમ ભારતીના શબ્દોમાં ભાસતી હતી.

અત્યન્ત અપુરતી સાધનસામગ્રી વચ્ચે પણ ભારતીએ સુન્દર વાર્ષીક ઉત્સવનું આયોજન કર્યું હતું. વાર્ષીક ઉત્સવમાં કોથળા દોડ, લીમ્બુચમચી દોડ, જેવી સ્પર્ધાઓમાં દોડતાં ભુલકાંઓને પ્રોત્સાહીત કરવા ભારતી પણ તેમની સાથે દોડતી. કોઈ બાળક દોડતાં દોડતાં પડી જાય ત્યારે ભારતી તેની પાસે દોડી જતી અને તેને પુનઃ દોડવા હીમ્મત આપતી. બાળક પુનઃ દોડતું થાય ત્યારે તેનો આનન્દ ભારતીના ચહેરા પર ઉપસી આવતો. આવી સ્પર્ધાઓ પછી ઈનામ–વીતરણનો કાર્યક્રમ યોજાયો. મારા હાથે દરેક ભુલકાને ઈનામો અપાયાં. પછી અમે ભારતીની ઑફીસમાં આવ્યાં. ત્યારે સંજય મને મળવા આવ્યો. એ સમયે ભારતી ઑફીસમાં ન હતી. એ તકનો લાભ લઈ

મેં સંજયને ટકોર કરતાં કહ્યું, 'સંજય, તુમ ભારતીકા ખ્યાલ નહીં રખતે. દેખો ઉસકી હાલત ક્યા હો ગઈ હૈ ?'

સંજય મારી ટકોર સાંભળી ગમગીન થઈ ગયો. તેની આંખોમાં ભીનાશ પ્રસરી ગઈ. તેની બદલાયેલી મુખમુદ્રાને હું અવાચક નજરે તાકી રહ્યો. એટલે સંજયે ધીમા સ્વરે મને કહ્યું, 'સર, આપસે ક્યા છુપાના, ભારતી વેજ્નર્સ ગ્રન્યુલોમેટોસીસ(Wegeners Granulomatosis)કી દર્દી હૈ. યે ઐસા રોગ હૈ જીસમેં ખુન કે ગઠ્ઠે હો જાતે હૈં. કીડની ઔર લીવર કામ કરના બન્ધ કર દેતે હૈં. ઈસકા કોઈ ઈલાજ નહીં. ડૉક્ટરોંને કહ દીયા હૈ જીતની જીન્દગી હૈ; ઉસે અપને તરીકે સે જી લેને દો. કલકી ખબર નહીં.'

હું સંજયની વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયો.

'ભારતી યહ જાનતી હૈ ?' મેં થોડા સ્વસ્થ થતાં પુછ્યું.

'સર, ઉસે સબ પતા હૈ. વો કહતી હૈ, મૈં ઈસી બચ્ચોં કે સાથ ખેલતે ખેલતે મરના ચાહતી હું. ઐસી મોત અગર આ જાયે તો તુમ રોના મત.'

આટલું બોલતાં તો સંજય ભાંગી પડ્યો અને પોતાનાં આંસુઓને ખાળવા ઑફીસની બહાર દોડી ગયો. અમે આટલી વાત કરી ત્યાં તો ભારતી આવી ચડી. તેના ચહેરા પર એ જ મીઠી મુસ્કાન હતી. 'સર, મૈં આપકો મેરી સ્કુલ બતાના ચાહતી હું.' અમે બધાં તેની નાનકડી સ્કુલના રુમોમાં ફર્યાં. દરેક રુમને ભારતીએ જાતે શણગાર્યો હતો. લગભગ વીસેક મીનીટ રુમોનું નીરીક્ષણ કરી અમે બધાં બહાર આવ્યાં. એટલે મેં કહ્યું, 'ભારતી, અબ મુઝે ઈજાજત દીજીયે.'

'સર, આપકા બહોત બહોત શુક્રીયા, આપને મેરે લીયે ઈતના વક્ત નીકાલા. અગલે સાલ જીન્દા રહી તો ફીર આપકો હી બુલાઉંગી.' કાર સુધી સંજય અને ભારતી મને મુકવા આવ્યાં. કારમાં બેસતાં મેં ભારતીને કહ્યું, 'ભારતી, અપના ખ્યાલ રખના.'

મારી સામે એ જ મીઠું સ્મીત કરતાં ભારતીએ આકાશ તરફ નજર કરી. જાણે કહેતી ના હોય મેરા ખ્યાલ તો અબ ઉપરવાલા રખેગા. મારી કાર અડવાળના ધુળીયા રસ્તા પર ડમરીઓ ઉડાડતી

દોડવા લાગી અને ત્યારે અર્નેસ્ટ હેમીંગ્વેનું પેલું બહુ જાણીતું વાક્ય મારા હૃદયમાં વલોવાઈ રહ્યું હતુઃ 'Man can be destroyed; cannot be defeated.'

–ડૉ. મહેબુબ દેસાઈ (લેખક ભાવનગર યુનીવર્સીટીમાં 'ઈતીહાસ અનુસ્નાતક ભવન'ના અધ્યક્ષ અને પ્રૉફેસર છે)

તા. 1 એપ્રીલ 2010ના **'નયા માર્ગ'**ના અંકના પાન 13-14 પરથી લેખકશ્રી અને તંત્રીશ્રીની પરવાનગી અને સૌજન્યથી સાભાર.. ..ઉત્તમ ગજ્જર..

લેખક–સમ્પર્કઃ ડૉ. મહેબુબ દેસાઈ
'સુકુન', પ્લૉટ–405/A, પ્રભુદાસ તળાવ, ભાવનગર–363 001 Phone: (0278) 243 9226
Mobile- 982 511 4848 eMail - mehboobudesai@gmail.com

'નયા માર્ગ'ના જુના અને નવા અંકો વાંચવા અમારી વેબસાઈટ
http://sites.google.com/site/vachanyatra/home/nayaa-maarg
ની મુલાકાત લેતા રહેવા વીનન્તી..

**'સન્ડે ઈ–મહેફીલ'** – **વર્ષઃ** છઠ્ઠું – **અંકઃ** 198 – August 15, 2010
**'ઉંઝાજોડણી'**માં અને **'શ્રુતી'** ફોન્ટમાં અક્ષરાંકનઃ **ઉત્તમ ગજ્જર** - uttamgajjar@gmail.com

હવે 'સન્ડે ઈ–મહેફીલ' સાપ્તાહીક નથી રહી શકી.. તે પાક્ષીક બની છે.

2005થી સતત ચાલતી રહેલી આ બહુરંગી 'વાચનયાત્રા' હજીયે અવીરત ચાલુ જ છે. 'સન્ડે ઈ–મહેફીલ'ની મનગમતી કૃતી વાંચવા કે તેની પીડીએફ ડાઉનલોડ કરવા http://gujaratilexicon.com/index.php?action=downloadSeM ની મુલાકાત લેવા વીનંતી.

તદ્ઉપરાન્ત અમે, પચીસ–પચીસ 'સ.મ.'ની પીડીએફની એક, એવી સાત ઝીપફાઈલ બનાવી છે.. જેમને ડાઉનલોડ કરવું ન ફાવે તે અમને uttamgajjar@gmail.com પર લખશે તો અમે એક પછી એક તે સાતેય ઝીપ ફાઈલ તમને મોકલી શકીશું. અને આમ, તમારી પાસે **175 'સ.મ.'**ની પીડીએફનો સંગ્રહ અવકાશે વાંચવા અને મીત્રોને મોકલવા સુલભ બનશે.

# 'લખે ગુજરાત'

ગુજરાત રાજ્યની સ્થાપનાને પચાસ વર્ષ થયાં. 'સ્વર્ણીમ ગુજરાત'નો આ મહોત્સવ આખું વર્ષ ઉજવાશે. સાથે સાથે 'વાંચે ગુજરાત'નું પણ એક જોરદાર અભીયાન ઉપડ્યું છે. આપણે તો 2005થી 'સન્ડે ઈ–મહેફીલ' મારફત 'વાંચે ગુજરાત'ની 'વાચનયાત્રા' શરુ કરી જ છે ! આજે પંદર હજાર સરનામે તે પહોંચે છે. સાથે સાથે શ્રી રતીલાલ ચંદરયાએ 'ગુજરાતીલેક્સિકોન' મારફત લગભગ **45** લાખ શબ્દોનો વીશાળ શબ્દભંડોળ નેટ પર ઉપલબ્ધ કરાવી આપ્યો છે. આજ દીન સુધીમાં તેની લગભગ **55** લાખ મુલાકાતો નોંધાઈ ચુકી છે.

તો હવે ? આમ, ઈન્ટરનેટ પર મળતા રહેતા આપણ સૌ 'ગુજરાતી' મીત્રો વીશેષ શું કરી શકીએ 'ગુજરાત' અને 'મા ગુર્જરી'ની સેવામાં ? આપણે સૌ સાથે મળી કમ્પ્યુટરના સ્ક્રીન પર 'લખે ગુજરાત'ની ઝુમ્બેશ ઉપાડીએ તો ?

કમ્પ્યુટર પર કામ કરતો એકેએક ગુજરાતી ગુજરાતીમાં લખતો થાય તો તે 'ગુજરાતીઓ'ની મોટી સીદ્ધી ગણાશે. ઘણા શીખ્યા જ છે; પણ હજી ઘણા બાકી છે. 'રોમનાઈઝ્ડગુજરાતી'માં ક્યાંક બીજે લખીને, તેને ગુજરાતીમાં પરીવર્તીત કરીને, તેની કૉપી કરીને, અહીં પેસ્ટ કરવું પડે, એ ઝંઝટમાંથી મુક્તી મેળવવા અમે કમર કસીને તૈયારી કરી છે. તમે વીન્ડો એક્સપી, વીન્ડો સેવન કે એઈટ, કે વીસ્ટા કે એપલ–મૅક કંઈ પણ વાપરતા હો તો પણ તમે આમ જ, અહીં કર્સર મુકી, સીધું જ, બહુ સરળતાથી, યુનીકોડ 'શ્રુતિ' કે તમને જે ગમતા હોય તે ગુજરાતી યુનીકોડ ફોન્ટમાં અને દેવનાગરીમાં લખવું હોય તો 'મંગલ' ફોન્ટમાં લખી શકો છો.

હવે તમારે માત્ર http://lakhe-gujarat.weebly.com/ વેબ સાઈટ ખોલી, માત્ર બે કીબોર્ડ ડાઉનલોડ કરવાનાં છે. બધી સામગ્રી ત્યાં જ મુકી છે, ઈન્સ્ટોલેશન પ્રક્રીયાની સુચનાવાળી ચીત્રો સાથેની પીડીએફ અને કીબોર્ડના મેપીંગની પીડીએફ પણ ત્યાં મુકી છે. ડાઉનલોડ પર 'ક્લીક' કરો અને બેઠેબેઠે જોયા કરો. બધું જ આપોઆપ ઈન્સ્ટોલ થતું જશે અને તમે ગુજરાતીમાં અને દેવનાગરીમાં પણ લખતા થઈ જશો.

ऐक बीजी वात. राष्ट्रभाषा हीन्दी के मराठी के संस्कृतमां लखवा माटे देवनागरी की-बोर्ड पण त्यां आप्युं ज छे. ते पण डाउनलोड करी राखवुं जरुरी छे. कंई ज अघरुं नथी. कारण,

गुजराती अने देवनागरीनुं की-बोर्ड मेपींग तद्दन समान ज छे. जेम गुजरातीमां लखो, तेम ज लखता जवानुं.. अक्षरो देवनागरीमां लखाशे. आ लख्युं छे तेम ज..

આ સુવીધા ઉપલબ્ધ કરી આપનાર હાલ ચેન્નાઈસ્થીત પણ મુળ સુરતના ભાઈ હીમાંશુ મીસ્ત્રી અને તેમને સદા પ્રેરણા આપનાર શ્રી રતીલાલ ચંદરયાનો આભાર માનીએ.

કંઈ પણ તકલીફ જણાય તો તે વીશે કે તમારે કંઈક સુચનો કરવાં હોય તો, મને uttamgajjar@gmail.com પર જરુર લખજો. ઈન્સ્ટોલ કરો કે કરાવો અને લખતા થઈ જાઓ ગુજરાતીમાં. તમે ગુજરાતીમાં લખતા નહીં થઈ જાઓ ત્યાં સુધી અમે તમારી સાથે જ રહીશું... ગુજરાતી/દેવનાગરીમાં લખતાં શીખેલો એક જણ, બીજા ઓછામાં ઓછા એક જણને લખતા શીખવે તેવું અમારું સ્વપ્ન છે..

*(લેંગ્વેજ બાર ન આવતો હોય તો....ખોલો...*

*Control Panel> Regional anlanguage>language>Detail*

*Detail પર ક્લીક કરવાથી જે બારી ઉઘડશે તેની નીચે Language Bar બટન હશે.. તે ક્લીક કરતાં જે બારી ઉઘડે, તેમાંનાં બૉક્સમાંનાં પહેલા અને ત્રીજામાં ટીક કરી Apply...Ok કરતાં લેન્ગ્વેઝ બાર Desktop પર પણ દેખાશે. અને જો ત્યાં ન દેખાય તો નીચે ટાસ્કબાર પર દેખાશે અને તેને ત્યાંથી ઉપર Desktopના મથાળે લઈ જવાશે. તમારી સફળતાના સમાચાર જાણવા આતુર..)*

## ‘જય ગુજરાતી’

Uttam Gajjar, e-mail: uttamgajjar@gmail.com

********************************

More than 51,60,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 4,76,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 60,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com
You too are invited to visit Gujaratilexicon with a new interface.

**‘સન્ડે ઈ–મહેફીલ’** – **વર્ષ:** છઠ્ઠું – **અંક:** 198 – August 15, 2010

**‘ઉંઝાજોડણી’**માં અને **‘શ્રુતી’** ફોન્ટમાં અક્ષરાંકન: **ઉત્તમ ગજ્જર** - uttamgajjar@gmail.com